ભારત સરકારશ્રીની ૧૦૦% કેન્દ્રીય સહાયથી લઘુમતીઓના વિદ્યાર્થીઓની મેરીટ કમ મીન્સ, પોસ્ટ મેટ્રીક અને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી માટે આઉટ સોર્સિંગથી રાખેલ મેનપાવરની મુદ્દત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: **SJED/MSM/e-file/17/2022/0091/A Section**

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૭/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ /૧૨૨૦૨૧/૭૮૨/અ

(૨) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણનો તા.૨૮/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/લ. સેલ/૨૦૨૨-૨૩/૨૧૮૫

ઠરાવ:

વંચાણે લીધેલ ક્રમાંક(૧)માં દર્શાવેલ આ વિભાગના તા. ૨૧/૦૩/૨૦૨૨ના ઠરાવથી નિયામકશ્રી , વિકસતિ જાતિ કલ્યાણ ખાતે ભારત સરકારશ્રીની ૧૦૦% કેન્દ્રીય સહાયથી લઘુમતીઓના વિદ્યાર્થીઓની મેરીટ કમ મીન્સ, પોસ્ટ મેટ્રીક અને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી માટે પ્રોગ્રામર-૦૩, આસિસ્ટન્ટ પ્રોગ્રામર-૦૧ અને કોમ્પ્યુટર ઓપરેટર-૦૧ એમ કુલ.૦૫ (પાંચ) જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધીની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨)માં દર્શાવેલ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના તા.૨૮/૦૩/૨૦૨૩ના પત્રથી ઉક્ત જગ્યાઓ આઉટસોર્સથી વધુ ૧૧ માસ માટે લેવા જરૂરી મંજૂરી આપવા નિયામકશ્રી (વિ.જા.ક.) દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની ભારત સરકારની ઉક્ત યોજનાના અમલીકરણ માટે કોમ્પ્યુટર પ્રોગ્રામર-૦૩ અને આસિસ્ટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામર-૦૧ એમ કુલ ૦૪ જગ્યાઓની સેવાઓ **GIL** (ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ) ના દરો મુજબ તથા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા માસિક રૂ.૧૪,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) મહેનતાણાથી (આ જગ્યાઓની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.) કુલ-૦૫ (પાંચ) જગ્યાઓની સેવાઓ તા.૦૧/૦૩/૨૦૨૩ થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સિંગથી મેળવવાની સરકારશ્રીના વખતો-વખતના ઠારાવોના ચુસ્તપણે પાલન કરવાની તથા એ પછી સેવાઓ આઉટસોર્સથી લેવાની જરૂરિયાત જણાય તો, મુદ્દત પૂર્ણ થયાને બે માસ અગાઉ દરખાસ્ત કરવાની શરતે આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજૂર થયેલ જગ્યા | સંખ્યા |
|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર પ્રોગ્રામર | ૦૩ |
| ૨ | આસિસ્ટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામર | ૦૧ |
| ૩ | કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ |
| | કુલ | ૦૫(પાંચ) |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૫/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

eSign
Signed by: Chiragkumar Rasikbhai Patel
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Jul-2023 (01:07 PM)

(ચિરાગ પટેલ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ